* J A T - 1 6 0 1 0 1 0 2 0 1 0 1 0 2 0 2 *

**JAT-1601010201010202** Seat No. ________

# B. A. (Sem. I) (CBCS) Examination

**December – 2019**

## Gujarati : Paper-II

***(વૈકલ્પિક - પ્રથમ ગૌણ) (ગુજરાતી વ્યાકરણ સર્જન લેખનકૌશલ)***

***(New Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧) કુલ **પાંચ** પ્રશ્નોના ઉત્તર આપવાના છે. દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

(૨) પત્ર કે અરજીલેખનમાં લિખિતંગ તરીકે પોતાના નામનો ઉલ્લેખ ન કરતાં xyz કે ABC લખવું.

(૩) પત્ર કે અરજીલેખનમાં સંબોધન કરતી વખતે સંબોધનમાં કોઈ ચોક્કસ વ્યક્તિ, સંસ્થા કે ગામના નામનો ઉલ્લેખ ન કરતા xyz કે ABC લખવું.

**૧** નીચેના **બે** પૈકી કોઈ **એક** વિષય પર નિબંધ લખો : **૧૪**

(૧) મારા શૈશવના સંસ્મરણો.

(૨) વર્તમાન શિક્ષણ પ્રણાલી.

**૨** નીચેના **બે** પૈકી કોઈ **એક** વિષય પર અરજી લખો : **૧૪**

(૧) તમારા શહેરમાં ડેન્ગ્યુનો રોગચાળો વધી રહ્યો છે તે બાબતે આરોગ્ય ખાતાના અધિકારીને અરજી કરો.

(૨) બી.એ. સેમ-૧ ની માર્કશીટમાં તમારા નામના સ્પેલિંગમાં આવેલી ભૂલ સુધારવા તમારા કોલેજના પ્રિન્સિપાલને અરજી કરો. અને તેની એક નકલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રીને રવાના કરો.

**૩** નીચેના **બે** પૈકી કોઈ **એક** વિષય પર પત્ર લખો : **૧૪**

(૧) હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં નાના ભાઈને શિક્ષણનું મહત્વ સમજાવતો પત્ર લખો.

(૨) તમારા વિસ્તારમાં ગુંડાગીરીનું પ્રમાણ વધી ગયું છે. સમાજવિરોધી બળોને ડામવા માટે તમારા વિસ્તારની પોલીસ ચોકીના પી.એસ.આઈ. ને વિનંતીપત્ર લખો.

૪ નીચેના **બે** પૈકી કોઈ એક લખો : ૧૪

(૧) 'નમામિ દેવી નર્મદે' - એ વિષય પર નિબંધ લખો.

(૨) તમારો એક સ્કૂલ મિત્ર સાથે તમારો સંપર્ક દસ વર્ષ સુધી ન હતો. અચાનક તેઓની ભાળ મળી હોઈ જૂનાં સંસ્મરણો જણાવતો પત્ર તેમને લખો.

૫ નીચેના **ચાર** પૈકી કોઈપણ **બે** ના માંગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) 'પૃથ્વી', 'જનની', 'કુંજર', 'રાજા', 'પર્વત', 'ગ્રીષ્મ', 'અટારી' - આ દરેક શબ્દનો એક-એક સામાનાર્થી શબ્દ આપો.

(૨) 'દર્પણ', 'ગાય', 'કપાળ', 'ઋષિ', 'અગ્નિ', 'ઉન્નતિ', 'સૂર્ય' - આ દરેક શબ્દનો એક એક સામાનાર્થી શબ્દ આપો.

(૩) 'ધર્મ', 'સંગતિ', 'શૂરવીર', 'આસક્તિ', 'રિક્ત', 'વક્તા', 'સૌભાગ્ય' - આ દરેક શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

(૪) 'તત્સમ', 'નિરામય', 'દિપ્તિ', 'નિબિડ, 'જયેષ્ઠ', 'આગેકૂચ', 'સાત્વિક' - આ દરેકનો વિરુદ્ધાર્થી શબ્દ આપો.

---